

# ભારતમાતા મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો શોભાયાત્રા સાથે પ્રારંભ

ગાંધીનગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સેક્ટર-૭એ ખાતે ભારત માતા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે જેનો આજથી ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો છે. આ મહોત્સવ અંતર્ગત આજે સવારે ૧૦ કલાકે સે.૧૨માં ઉમિયા મંદિર ખાતેથી ભારતમાતા, ખોડિયાર માતા અને ગણપતિ દાદા સહિત તમામ મૂર્તિઓની શોભાયાત્રા નિકળી હતી જે ભારતમાં ખાતે પહોંચતા ત્યાં મૂર્તિઓની સ્વાગત પૂજાવિધિ કરાઈ હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ કડવા પાટીદાર સમાજના આગેવાનો તથા હોદ્દેદારો સહિત દરેક સમાજના અગ્રણીઓએ હાજરી આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે ગણેશ પૂજન, કુટિર હોમ, વરૂણ પૂજન, કુમારીકા કળશપૂજન, જલપાન મૂર્તિ વગેરે પ્રસંગો ઉપરાંત બપોરે યુવા સંમેલન યોજાયું હતું.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ તમે મને વજન ઓછું કરવા મેથી ખાવાની સલાહ આપી. અત્યાર સુધીમાં પાંચ કીલો મેથી ઓછી થઈ ગઈ પણ વજન પાંચસો ગરામ પણ ઓછું ન થયું...!!

## મહાનગર ભાજપ વોર્ડ નં.૭ના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ શ્રી ઋચિર ભટ્ટ તેમજ બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ ઉદયભાઈ કાનગડના માર્ગદર્શન હેઠળ મહાનગર બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મહોતજી ઠાકોર દ્વારા વોર્ડનં.૭ના બક્ષીપંચના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ તરીકે અરવિંદભાઈ મેવાડા, ઉપપ્રમુખ તરીકે ચિનુભાઈ મંડલી, કનૈયાલાલ રાણા અને મહામંત્રી તરીકે સંજયજી ઠાકોરની નિમણુંક કરવામાં આવી છે.

# રણાસણ ઈન્દીરાનગર ખાતે ઘર પાસે ભાઈનો ભાઈ પર હુમલો

ગાંધીનગર, તા.૨૫

રણાસણ ઈન્દીરાનગર ખાતે ઘર આગળના રસ્તા પરથી નીકળવાની ના પાડી ગાળો બોલીને સગાભાઈને માથાના ભાગે ધોકો મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારબાદ ઈજાગ્રસ્તને સારવાર માટે ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખાતે ખસેડાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચેલાભાઈ ભલાભાઈ દંતાણી ( ઉં.૪૮ રહે. ઈન્દીરાનગર રણાસણ) પરિવાર સાથે રહે છે અને ચાંદની હોટલમાં મજુરી કામ કરે છે. સવારના નવ વાગ્યાના સુમારે ફરીયાદી તેમજ તેના પત્નિ નિતાબેન ઘરે હાજર હતા. તે સમયે મારી બાજુમાં રહેતા મારા ભાઈ રાજુભાઈ ભલાભાઈ દંતાણી કહેવા લાગ્યા કે અમારા ઘર પાસેના રસ્તા પરથી નીકળવાનું નહી, જેથી ફરીયાદીએ આ જાહેર રસ્તો છે અમારે બીજા ક્યાંથી નીકળવુ તેમ કહેતા રાજુભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ જેમ ફાવે તેમ ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા તે ઉશ્કેરાઈ જઈને બાજુમાં પડેલા ધોકો હાથમાં લઈ ફરીયાદીને મારવા જતા તે નીચે નમી જતા ધોકો માથાના ભાગે વાગતા ઈજા પહોંચી હતી. ત્યારબાદ વધુ મારમાંથી પત્નિએ છોડાવ્યો હતો.જયારે રાજુભાઈ જતા જતા ધમકી આપીને ગયો હતો કે હવે પછી માર ઘર આગળથી નીકળ્યા છો તો તેમને જાનથી મારી નાંખીશ. ત્યારબાદ માથામાં ઈજા પહોંચતા ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયાંથી વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા. બનાવ અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. નાયકે આજે જિલ્લાના તબીબી અધિકારીઓ સાથે વિવિધ યોજનાઓની અમલવારી અંગે સમીક્ષા બેઠક યોજી હતી.
- જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને આજે આર.ઓ. બેઠક યોજાઈ હતી.
- ગાંધીનગર જિલ્લામાં ૨૯ ઓગષ્ટ સુધી મહત્તમ તાપમાન ૩૪ થી ૩૬ ડીગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવના છે. તેમ હવામાન પૂર્વાનુમાન કૃષિ યુનિ. દાંતીવાડાના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી.
- આજે બુધવારે મમતા દિવસની ઉજવણી દરમ્યાન વેક્સિનનો બીજા ડોઝ આપવાના અભિયાનમાં ગ્રામ્ય વિસ્તારમાં ૨૪૯૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- કેન્દ્રના પશુપાલન અને ડેરી ઉદ્યોગના મંત્રી પુરષોત્તમ રૂપાલા ૨૭મીએ કેન્દ્ર સરકારની પશુપાલન યોજનાઓને લઈ પશુપાલકો સાથે સીધી વાત કરશે. ૧૧ થી ૧ દરમ્યાન આ સંબોધનનો સમય નિયત થયો છે.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થવાના હોવાથી નવા મુખ્ય સચિવને લઈ અટકળો રાજકીય વર્તુળોમાં તેજ બની છે.
- રાજયના શહેરી વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ ૮ મહાનગરોના કમિશનરો સાથે સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ આજે વસાહત મહાસંઘની બેઠકમાં જઈ ચડ્યા હતા.
- ગાંધીનગર મનપા દ્વારા આગામી સપ્તાહથી ઝુંડાલ ખાતે આધાર કેન્દ્રની સેવાઓ શરૂ કરવામાં આવશે.

# વસાહત મહાસંઘની બેઠકમાં મ્યુ.કમિશનર જાતે પહોંચી ગયા..!!

### કોઈપણ સૂચના વગર આવી પંહોચેલા ડો.ધવલ પટેલે સુકો-ભીનો કચરો અલગ તારવવાના ફાયદા સમજાવ્યા : જોકે મહાસંઘની બેઠકમાં મનપા ડસ્ટબીન નહીં આપે તો જનઆંદોલન છેડવાનો ઠરાવ કરાયો

ગાંધીનગર શહેરમાં વસાહતીઓના ઘરેથી ડોર ટુ ડોર કચરાના કલેક્શન માટે મનપા દ્વારા સુકો અને ભીનો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં હોય તો જ ઉપાડવાના ફરમાન બાબતે વિરોધનો સૂર પ્રવર્તી રહ્યો છે જેમાં શહેર વસાહત મહાસંઘની મ્યુ. કમિશનર સમક્ષ નાગરિકોને મનપા દ્વારા ડસ્ટબીન આપવામાં આવે તેવી રજુઆતને કમિશનરે ફગાવી દીધી હતી જેના અનુસંધાને આજે મહાસંઘ દ્વારા હોદ્દેદારો અને શહેરના અગ્રણીઓની એક જાહેર બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં સૌના આશ્ચર્ય વચ્ચે મ્યુનિસિપલ કમિશનર ડો.ધવલ પટેલ જાતે આવી પંહોચ્યાં હતા અને તેમણે ઉપસ્થિત અગ્રણીઓને સુકો-ભીના કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં આપવાથી થતાં પર્યાવરણીય ફાયદા સાથે ભીના કચરાનેપ્રોસેસ કરી ખાતર બનાવવાના ઉપયોગ અંગે અંગે સમજ આપી હતી

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષ સ્થાને સેકટર-પમાં શોપિંગ સેન્ટર પાસે યોજાયેલી આ બેઠકમાં પધારેલા મ્યુનિસિપલ કમિશનરનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરાયું હતું. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર અંદાજે અડધો કલાક જેટલું રોકાયાં હતાં. તેમના પ્રસ્થાન બાદ મહાસંઘની બેઠકમાં મહાનગર પાલિકા દ્વારા શહેરીજનોને સુકો-ભીનો કચરો તેમજ ભલે ડસ્ટબીન ના હોય તો કોઈપણ સાધનમાં કચરો આપો તો ચાલશે પરંતુ અલગ અલગ આપવા અપીલ કરી હતી.

અલગ કરીને આપવા બાબતે રાખવામાં આવેલા આગ્રહ અંગે સઘન ચર્ચા કરવામાં આવી હતી અને મહાનગર પાલિકા દ્વારા જયારે ડસ્ટબીન આપવામાં આવે ત્યારે જ તેનો અમલ કરવામાં આવે તેવી ઉપસ્થિત દરેક અગ્રણી વસાહતીઓએ લાગણી દર્શાવી હતી. આ સાથે દરેકના વિચાર મંતવ્ય જાણી જરૂર પડે જન આંદોલન છેડવાનું જાહેર ઠરાવ કરી નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકનું સંચાલન પોપટલાલ પ્રજાપતિ દ્વારા અને આભાર વિધિ રાજેન્દ્રભાઈ પારેખ દ્વારા કરવામાં આવી હતી.



## આજે વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૫

મારુતિ આમ્રકુંજ વિભાગ-૧, જી-૧૦૪, પ્રથમ માળે, સરગાસણ ખાતે ૨૬ ઓગસ્ટના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાક આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ જયેશભાઈ દવેના નેતૃત્વથી કરવામાં આવશે. તેથી સૌ ભકતજનોને આ કાર્યક્રમમાં જોડાવવા હાર્દિક આમંત્રણ છે.

## સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

સંસ્કૃતિ મહિલા પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં કે જયારે પ્રકૃતિ સોળે કળાએ ખીલી હોય છે ત્યારે લાંબા, જેતપુર, વડતાલ, ગલતેશ્વર, ડાકોરનો પ્રવાસ યોજાયો હતો. જેમાં ૪૬ બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ ભગવાનના દર્શન કર્યા હતા. સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવેએ સમગ્ર પ્રવાસનું આયોજન કર્યુ હતું. અલ્પાબેન, દેવીબેન, કુંવરબા, કોકિલાબેન ભટ્ટના સહકારથી પ્રવાસને સફળ બનાવ્યો હતો.



સ્વચ્છતા સર્વેક્ષણમાં ગાંધીનગરને આગળ પડતુ સ્થાન અપાવવા મહાનગરપાલિકા પ્રયત્નશીલ છે. આ માટે સુકો અને ભીનો કચરો અલગ અલગ રખાય તે જરૂરી છે. આ મુદ્દે છેલ્લા કેટલાય દિવસોથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. આ માથાકુટમાં નાગરિકો રસ્તા પર કચરો નાંખી જતા હોવાનું ધ્યાને આવ્યુ છે. જેના કારણે ગંદકી વધુ ફેલાય છે.

# શુક્રવારે જુના સચિવાલય મીનાબજાર ખાતે કોવિડ રસીકરણ કેમ્પનું આયોજન

ગાંધીનગર તા. ૨૫

સમગ્ર વિશ્વ કોરોના મહામારી સામે હજુ પણ ઝઝૂમી રહ્યું છે. આ મહામારીના નિયંત્રણ માટે રાજ્ય સરકારે પણ તમામ નાગરિકો માટે કોવિડ-૧૯ પ્રતિરોધક રસીના બંને ડોઝ મળી રહે તે માટે રસીકરણ અભિયાન સઘન બનાવવી છે જે અંતર્ગત ગાંધીનગર શહેરના જુના સચિવાલય નજીકના મીનાબજાર ખાતેના પ્રગતિ લારી પાથરણા મંડળ દ્વારા લાયન્સ ક્લબ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૨૭મી ઓગસ્ટ શુક્રવારના રોજ સવારે ૧૦ થી ૩ વાગ્યા દરમ્યાન મીના બજારમાં ગાંધીનગર નાગરિક બેંક ખાતે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મીનાબજારમાં ખાતે યોજાનાર આ રસીકરણ કેમ્પના આયોજન માટે ગાંધીનગર નાગરિક કો.ઓપ બેંકની જુના સચિવાલય શાખાના સહયોગ સાથે પ્રગતિ લારી પાથરણા મંડળના પ્રમુખ તુલસીભાઈ માલી તથા લાયન્સ ક્લબના પ્રમુખ પદમસિંહ ચૌહાણ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ રસીકરણ કેમ્પનો લાભ મીના બજારના તમામ વેપારીઓ તથા મુલાકાતી નાગરિકોને લેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. આ કેમ્પમાં રસીકરણ મેળવવા માટે અગાઉથી રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

## મહાનગર ભાજપ દ્વારા વોર્ડ નં.૧ના બક્ષીપંચના હોદ્દેદારોની નિમણુંક

ગાંધીનગર, તા.૨૫

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ તેમજ બક્ષીપંચ મોરચાના પ્રદેશ અધ્યક્ષ શ્રી ઉદયભાઈ કાનગડના માર્ગદર્શન હેઠળ મહાનગર મહાનગર બક્ષીપંચ મોરચાના પ્રમુખ શ્રી મહોતજી ઠાકોર દ્વારા વોર્ડનં.૧ના બક્ષીપંચ મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

પ્રમુખ તરીકે ધરશીભાઈ દેસાઈ, ઉપપ્રમુખ તરીકે અલ્પેશભાઈ જયસ્વાલ, મહેન્દ્રભાઈ ચૌધરી અને મહામંત્રી તરીકે ભીખાભાઈ ચૌધરીની નિમણુંક કરવામાં આવી છે.

## 'શ્રી કમલમ', સે. ૨૧ ખાતે મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારોની બેઠક યોજાઈ

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે આજરોજ 'શ્રી કમલમ', સે. ૨૧ ભાજપ કાર્યાલય ખાતે મહાનગર ભાજપાના પ્રમુખ ઋચિર ભટ્ટની અધ્યક્ષતામાં તેમજ ઘાટલોડિયા વિધાનસભાના ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલની વિશેષ ઉપસ્થિતિમાં મહાનગર ભાજપા સંગઠનની બેઠક યોજાઈ હતી જેમાં મહામંત્રીઓ કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ તેમજ મહાનગર ભાજપ સંગઠનના મુખ્ય બોડીના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આજની આ બેઠકમાં વિવિધ સંગઠનાત્મક વિષયો પર ઉપસ્થિત સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.




ગાંધીનગર મહાનગરની ચૂંટણી નજીક આવી છે ત્યારે રાજકીય ગતિવિધિ તેજ બની છે. આમ આદમી પાર્ટી દ્વારા યોજાયેલા યુવા સંમેલનમાં મોટી સંખ્યામાં યુવાનો ઉમટી પડયા હતા. સોશિયલ મીડિયામાં ફેમસ અલ્પ ત્રિવેદી આમ આદમી પાર્ટીમાં જોડાતા યુવા કાર્યકરોનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

**ઈન્ડેક્ષ્ટ-સી ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ**
(ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેકટર-૧૧, ગાંધીનગર
ઓફીસ : (૦૭૯) ૨૩૨ ૫૬૦૦૫, ફેકસ : ૨૩૨ ૫૬૦૦૭
Email : exdire-indext-c@gujarat.gov.in

**ગુજરાત રાજયના ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાના કારીગરોને એવોર્ડ આપવા અરજીઓ મંગાવવા બાબત.**

ગુજરાત રાજયના હાથશાળ-હસ્તકલાના ભવ્ય અને ભાતીગળ વારસાને જીવંત રાખનાર કારીગરોને તેઓની ઉત્કૃષ્ઠ કલા કારીગરીના નમૂનાઓ માટે રાજ્ય સ્તરે એવોર્ડ આપી સન્માનીત કરવા માટે વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦ના વર્ષના એવોર્ડ માટેના નમુનાઓ મેળવવા માટે નિયત અરજી ફોર્મમાં સંપુર્ણ વિગતો સાથે તા.૨૭-૦૯-૨૦૨૧ સુધીમાં અરજીઓ ઉપરોકત સરનામે મંગાવવામાં આવે છે. નિયત અરજી ફોર્મ ઈન્ડેક્ષ્ટ-સીની કચેરીએથી રૂબરૂમાં મેળવી શકાશે તથા વેબસાઈટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી પણ ડાઉનલોડ ડકરી મેળવી શકાશે. અધુરી વિગતોવાળુ અરજી ફોર્મ રદ બાતલ ગણવામાં આવશે.

(ડી.એમ.શુકલ)
કાર્યવાહક નિયામક

માહિતી/૯૨૭/૨૧-૨૨

**ગુજરાત સરકાર**
**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર**
**ટૂંકી જાહેર નિવિદા નંબર-૭ સને ૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા, દાંતીવાડા નહેર વસાહત, હાઈવે, ડીસા ફોન નં.૦૨૭૪૪-૨૨૦૦૭૧ની કચેરી તરફથી ગુજરાત સરકારના નર્મદા જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા માર્ગ અને મકાન વિભાગના ઈજારદારશ્રીઓની માન્ય યાદીના યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી બી૧ ટેન્ડર રકમ રૂ.૪.૬૪ લાખનું ઓનલાઈન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડર અંગે હવે પછીના સુધારાઓ www.nprocure.com વેબસાઈટ ઉપરથી જોવા મળશે અને ટેન્ડર આ સાઈટ ઉપરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ અંગેની વિગતવાર વિજ્ઞાપન માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપરથી જોવા મળશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ | તા.૦૩/૦૯/૨૦૨૧ સમય ૧૮:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો માત્ર રજીસ્ટર્ડ હાથો હાથ રૂબરૂ કચેરીમાં રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય અને સ્થળ | તા.૦૪/૦૯/૨૦૨૧ થી તા.૦૭/૦૯/૨૦૨૧ સમય ૧૨:૦૦ કલાક સુધી કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા, દાંતીવાડા નહેર કોલોની, આનંદ હોટલની સામે, ડીસા-૩૮૫૫૩૫ |
| ટેન્ડર ઓનલાઈન ખોલવાની તારીખ અને સમય અને સ્થળ | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, ડીસા સિંચાઈ વિભાગ, ડીસા ખાત તા.૦૭/૦૯/૨૦૨૧ સમય ૧૨:૩૦ કલાકે |

સરકારશ્રીના વખતોવખતના નિયમો/હુકમો વિગેરે ટેન્ડર ભરનારને બંધનકર્તા
નં. નામાનિ/પાલન/૨૬૩/૨૦૨૧-૨૦૨૨